શ્રી વૈષ્ણવો માટે ખાસ ગ્રંથ.

શ્રી રામ-રસ.

ભાગ ૧ લો.

સાખી.

શ્રી રામ નામ બીજ મંત્ર હે, બોવે મતી માંય;
દીન દીન દોણું હોયગા, લક્ષકોટી વધી જાય.

રચી પ્રસિદ્ધ કરનાર.

પટેલ રામલાલ હરીલાલ સુધારક.
ગોઝારીઆની પોળ—અમદાવાદ.

શ્રી "જ્ઞાનમન્દિર" પ્રિન્ટીંગ પ્રેસમાં રા. શંકરરાય
અમૃતરાયે છાપ્યો. સાંકડીશેરી રોડ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.

સંવત ૧૯૭૧ પ્રત ૫૦૦. સન ૧૯૧૪.

કીંમત રૂ. ૦-૦-૬.

સાખીઓ.

રામ નામ બીજ મંત્ર હે, બોવે ખેતી માંય;
દીન દીન દોણા હોયગા, લક્ષ કોટી વધી જાય.—સીયા. ૧
પઢો ન વ્યાકરણ સાસ્ત્રકું, પઢો ન વેદ પુરાણ;
પઢો રામકા નામ તો, ભલો પઢો વેજાણ.—સીયા. ૨
[illegible] રઘુનાથજી, સબ હે કરમકો ખેલ;
વાલીપણકું [illegible]દી, હનુમંતકુ તેલ.—સીયા. ૩
રામ નામ સબકો કહે, ઠગ ઠાકોર ઓર ચોર;
બીના પ્રેમ રીઝે નહી, તુલસીનંદકીસોર.—સીયા. ૪
પરધન પથ્થર જાણીએ, પર સ્ત્રી માત સમાન;
ઇતના કર પ્રભુ ના મીલે, તુલસીદાસ જમાન.—સીયા. ૫

ભક્તિ ભક્તિ ક્યા કરો, ભક્તિ સાચું મન;
જે મનુષ્ય હરીકો ભજત, ઉસકો બડા હે મન.—સીયા. ૬
પ્રહ્લાદજી પ્રભુકો ભજત, બોલત નહી કુ બોલ;
પ્રભુ તેને પ્રીતે મલ્યા, સાચો રાખ્યો તોલ.—સીયા. ૭
મીરાંબાઇ માળા જપે, જપે દીનને રાત;
પ્રભુ તેને સાચા મલ્યા, જાળવી રાખી લાજ.—સીયા. ૮
હરીશ્ચંદ્ર હરીકો ભજત, બોલત નહી કુ બોલ;
સત્યવાદી સાચો બન્યો, પાળ્યા સરવે કોલ.—સીયા. ૯
રામલાલ કહે છે હરી ભજને, કરો સૌ સારાં કાજ;
રામરસ વાંચો પ્રીતે, ત્રીકમ રાખશે લાજ.—સીયા. ૧૦

॥ શ્રી હરી ॥



કીર્તન ૨ જું.

[illegible] રઘુવીર જય જય રામચન્દ્ર રઘુવીર.
રૂપ અનુપમ સુગુણ અલંકૃત, સુંદર શ્યામ-શરીર. જય.
સત્યસંધ સત્યવાદી સ્વામી, મર્યાદાની ગંભીર. જય
નેક ટેક સુવિવેક નિરૂપમ, વર વિજયી મહાવીર. જય.
ન્યાય નીતિ સદ્ધર્મ સંસ્થાપક, ટાળક ભવજંજીર. જય.
વાંછિતપૂરક ચિંતાચૂરક, ધર્મધુરંધર ધીર. જય.
[illegible] કુધારા થાય સુધારા, વાય સુસંપસમીર. જય.
[illegible] એજ સુધારક મંડળ. જનતારક તદબીર. જય.

કીર્તન ૨ જુ.

સીતારામને ભજીને લાવો લીજીએ રે, (૨)
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીએરે. સીતા. ૧
તારો અવસર પલપલ જાય છે રે, (૨)
તારા ઘટમાં બેઠો કાળ ખાય છે રે. સીતા. ૨
તારૂં જોબન જાસેને જરા આવસે રે, (૨)
તને ભાણે ભોજન નહિં ભાવસે રે. સીતા. ૩
તારાં વ્હાલાં વેરી થઇ લાગસે રે, (૨)
તારી દેહ દેખીને દુર ભાગસે રે. સીતા. ૪
કાંઇ ધર્મ કરો તે આડુ આવસે રે, (૨)
તેતો જમના તે માર મુકાવસે રે. સીતા. ૫
કહે રામદાસ સખી નર નરનારને રે, (૨)
સીતારામ રામ કહે બેડો પારછેરે. સીતા. ૬

કીર્તન ૩ જુ.

પ્યારા લાગે રઘુવીર મોરી સજની,
વાલા લાગે રઘુવીર મોરી સજની.
રામજીકું ચહીયે કેશરીઆ વાઘા (૨)
સીતાકું દક્ષણી ચીર મોરી સજની પ્યારા.
છોટે છોટે તારકસ ને છોટી ધનુષ્યા (૨)
શોભસે લક્ષમણ વીર મોરી સજની પ્યારા.

સરજુકે તીરે અયોધ્યા નગરી (૨)
ચોકીપે હનુમંત વીર મોરી સજની　　　　પ્યારા.
તુલસીદાસ કહે ભજો ભગવાનને (૨)
ભાગો જનમની ભીડ મોરી સજની　　　　પ્યારા.

કીર્તન ૪ થું.

મેતો હરી ગુણ ગાવત નાચુંગી (૨)
નાચુંગી સૈયાં નાચુંગી મેતો હરી ગુણ
સબ કામ છોડી મેં ઘરમાં બેઠું (૨)
ગીતા ભાગવત વાંચુંગી.　　　　મેંતો. ૧
જ્ઞાન ધ્યાનકી ગઠડી બાંધી (૨)
હરીજન સંગમે રાખુંગી.　　　　મેંતો. ૨
બાઇ **મીરાં** કહે પ્રભુ ગીરધરના ગુણ (૨)
ચરણ કમલ ચીત રાખુંગી　　　　મેંતો. ૩

કીર્તન ૫ મું.

ગીરધારી ગીરધારી ગોપાળલાલ ગીરધારી રે.
ભક્ત તણા છો હીતકારી, ગોપાળલાલ ગીરધારી રે.
શબરીબાઇના એઠાં રે બોરાં (૨) પ્રેમે આરોગ્યા મોરારી. ગોપાળલાલ.
છત્રપતિના મેવા તજીને (૨) ખાધી વીદુર ઘેર ભાજી. ગોપાળલાલ.
દ્રોપદીની દીન વાણી સુણીને (૨) વારે ધાયા વનમાળી. ગોપાળલાલ.

નરસીંહ મહેતાની હુંડીઓ શેકી (૨) સામળીએ સીકારી. ગોપાળલાલ.
દાસનો દાસ કહે ગુરૂ પ્રતાપે (૨) મોટી છે ઓથ તમારી. ગોપાળલાલ.

કીર્તન ૬ ઠું.

મારા વાલારે વંદ્રાવનની વાટે વેલા આવજો,
મારા વાલારે પ્રેમી જનને પ્રેમ કરી બોલાવજો.
મારા વાલારે પ્રેમી જનના હૈડાં તો હરખે ભર્યાં,
મારા વાલારે તે દેખીને ચીતડાં મારાં ત્યાં ઠર્યાં.
મારા વાલારે જુમનાજીની અખંડ આરતી થાય છે,
મારા વાલારે દર્શન કરવા નરનારી સૌ જાય છે.
મારા વાલારે ગોરધન ઉપર ગોધન ચરવા જાય છે,
મારા વાલારે મૈયારીના મૈડાં લુટી ખાય છે.
મારા વાલારે વ્રજની નારી ડબકો દેવા જાય છે,
મારા વાલારે જસોદા માતા સોટી લઇને ધાય છે.
મારા વાલારે વંદ્રાવનમાં અખંડ રાસ રમાય છે,
મારા વાલારે નટવરજીની છેલે ગોપીઓ ગાય છે.
મારા વાલારે વંદ્રાવનમાં મીઠી મોરલી વાય છે,
મારા વાલારે માધવદાસ બલીહારી જોવા જાય છે.

કીર્તન ૭ મું.

નંદકુંવર તારૂં નામજ સાંભળી, આશા ભર્યાં અમે આવ્યા રે;
વાલા આશા ભર્યાં અમે આવ્યા રે.

વનમાં વેણુ વગાડી રસીયા (૨) શા અર્થે તેડાવ્યા રે વાલા (૨)
ગૌ દોહતા દોણી રે ભુલ્યા (૨) વાછલડા ધવરાવ્યા રે વાલા (૨)
વાજંતા વલોણાં મેલ્યાં (૨) છાછરમાં ઘી તાવ્યા રે વાલા (૨)
મધ્યઘરની મરજાદા મુંકી (૨) સાસરીઆ સમજાવ્યા રે વાલા (૨)
રણછોડના સ્વામી સુંદરવર (૨) દાસે ગુણ તમારા ગાયા રે વાલા (૨)

કીર્તન ૮ મું.

રાધે ગોવીંદ રામ રાધે ગોવીંદા. રાધે.
વૃંદાવનચંદ રામ રાધે ગોવીંદા. રાધે.
માખણકો ચોર રામ રાધે ગોવીંદા. રાધે.
બંસી બજઇઓ રામ રાધે ગોવીંદા. રાધે.
ગાયનો ગોવાળ રામ રાધે ગોવીંદા. રાધે.
મોરકો મુગટ રામ રાધે ગોવીંદા. રાધે.
નંદજીકો લાલ રામ રાધે ગોવીંદા. રાધે.
ગોપીઓકે નાથ રામ રાધે ગોવીંદા. રાધે.
જમનાકે ઘાટ રામ રાધે ગોવીંદા. રાધે.
રાસ ખેલે નાથ રામ રાધે ગોવીંદા. રાધે.
દાસનીએ આસ રામ રાધે ગોવીંદા. રાધે.
રાખો મને પાસ રામ રાધે ગોવીંદા. રાધે.

કીર્તન ૯ મું.

સખા આજનો લાહવો લીજીએ રે કાલ કોણે દીઠું છે
ફુલની ગાદીને ફુલના તકીયા (૨)
ફુલનાં બીછાના બીછાવીએ રે કાલ કોણે દીઠું છે.
સોનાના સોગટાં તે રેશમની ચોપાટ (૨)
હીરલાના પાસા ઢળાવીએ રે કાલ કોણે દીઠું છે.
સોનાનું પારણુંને રેશમની દોરી (૨)
હરખે શ્રીનાથજી ઝુલાવીએ રે કાલ કોણે દીઠું છે.
વાણીના મેહુલાને આનંદની હેલી (૨)
શુભતે સરવડે ભીંજાઇએ રે કાલ કોણે દીઠું છે.
વલ્લભના સ્વામી રસીક સીરોમણી (૨)
વળી વળી મુખડાં નીહાળીએ રે કાલ કોણે દીઠું છે.

કીર્તન ૧૦ મું.

મોરલી વાગી હોજી રે (૨)
બાઇ પેલા જમુનાજીને ઘાટ. કાનુડા મોઝમ રાત. ૧
પાંણીડાં ગ્યાંતાં હોજી રે (૨)
બાઇ પેલા કેસરી ઘાત તલાવ. કાનુડા. ૨
ઉઢણી ભરાવી હોજી રે (૨)
બાઇ પેલી આંબલીઓને ડાર. કાનુડા. ૩

બેલીડાં મેલ્યાં હોજી રે (૨)
બાઇ પેલા સરોવરીયા પાર. કાનુડા. ૪
ચાલ્યો ચાલ્યો હોજી રે (૨)
બાઇ પેલો સઇયરોનો સાથ. કાનુડા. ૫
પેર્યાં પેર્યાં હોજી રે (૨)
બાઇ મેં તો અવળાં સવળાં ચીર. કાનુડા. ૬
મેલ્યાં મેલ્યાં હોજી રે (૨)
બાઇ પેલાં પારણીયામાં બાળ. કાનુડા. ૭
મલીયો મેલીયો હોજી રે (૨)
બાઇ પેલા નરસીંહીયાનો સાથ. કાનુડા. ૮
પુરી પુરી હોજી રે (૨)
બાઇ મારા મનડા કેરી આસ. કાનુડા. ૯

કીર્તન ૧૧ મું.

ચાલો વંદ્રાવન જઇએ ઓ બેની મારી ચાલો વંદ્રાવન જઇએ.
અમે કૃષ્ણ વિના કેમ રહીએ ઓ બેની મારી ચાલો.
કામણ કર્યાં નંદના છૈએ ઓ બેની મારી ચાલો.
વંદ્રાનેવનને મારગ જાતાં (૨)
દુઃખ પડે તે સહીએ ઓ બેની મારી ચાલો.
વ્રજની રજ દેવતાને દુર્લભ (૨)
આપણ ત્યાં જઇને રહીએ ઓ બેની મારી ચાલો.

આપણુ નદીઓને કૃષ્ણુ સમુદ્ર (૨)
એના ચરણુ કમરમાં ચાત લઇએ ઓ બેની મારી ચાલો.
દાસ નારણુશીંગ કહે ગુરૂ પ્રતાપે (૨)
હરી નામ વીના નથી કંઇએ. ઓ બેની મારી ચાલો.

કીર્તન ૧૨ મું.

સમજે તો સમજાવું મનડા મારા રે.
ના સમજે તો મારે સું ભોગ તારા રે. સમજે. ટેક.
માથા ઉપર જમડા રહ્યા છે તાકી રે, (૨)
પગના તળીએ મોત મુક્યું છે ઢાંકીરે. ૧
વાટ જુવે છે તારી વનની કાઠી રે, (૨)
નહી છોડે નનામીની લાઠી રે. ૨
ખાંપણ તારૂં વણ્યું ચુકયું છે પાપી રે, (૨)
મુજની દોરી સુપજને ઘેર તાકી રે. ૩
તો એ તું તો મગરૂરીમાં ચાલે રે (૨)
એકનું બાંગી બીજાનું ગર ઘાલે રે ૪
તું જાણે કે સુખી થયો રાત દાડો રે (૨)
એટલે આવશે કાળા ડગલા વાળા રે ૫
દીન ઉપર દીન રાત વાય છે વાણું રે (૨)
આવી પોચસે ઓચીંતું ત્યાં આણું રે. ૬

કીર્તન ૧૩ સું.

કૃશ્ન નામ સાકરના કડકારે, મુખે આવે અમી રસ ગડકારે;
જેને કૃશ્નની વાણી ન જાણીરે, તેની જીભીયા નાંખો તાંણીરે.
વ્રજ નારી તે ચાલ્યાં પાણીરે, વાતે સુનાં મંદારીયાં જાણીરે;
વાલે સુની તે કટલી ઉઘાડીરે, વાલે છેકેથી ગોરસ ઉતાર્યારે.
વાલે ભાવતાં ભાવતા ખાધાંરે, વાલે નહા ભાવતા ઢોળી નાંખ્યાંરે;
વ્રજ નારી તે આવ્યાં ઝંપેરે, તો સુના મંદીરીયામાં કંપેરે.
જાણે માધવદાસના સ્વામીરે, ગોપીયો તેમા સુખ પામીરે;

કીર્તન ૧૪ સું.

સીજી મેરા એસા રસીયા મુજે, બોલાવે ઘડી ઘડી
દોડ દોડ દરસનકું આવે, ઝપટ લાગે તડાતડી લરી સીજી.
મોર મુગટ પીતાંમ્બર સોહક કાને કુંડન એરખડીયારોરે સીજી.
કમળ ચોકમાં હાથી ઝુલતે હે, ધોળી પતીઆમે ધજા ઘડી સીજી.
ચાર ચોકકો મંદીર બનાયો, આપ બીરાજે વાતો છતર ધરી. સીજી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર ના ગુણ, ચરણ કમળમાં સાથ પડી સીજી.

કીર્તન ૧૫ મું.

ભક્તિ મહા બળવંતીરે વહાલો વશ થઇ આવે ઘેર (ટેક)
ભક્તિને વશ થઇને વહલો વશીયા ગોકુળ ગામ (૨)
આ હીરડાને લાડ લડાવ્યા એવા સુંદર સ્યામ ભક્તિ.
વેદ પુરાણુ પોકારે હરીનું પતિત પાવન નામ (૨)
એ પાંડવની સાથે રહીને સઘળાં કીધાં કામ ભક્તિ.
આમરીસને પેટે અવતરિયા ભક્તન કેરે ઘેરે (૨)
રઘુનાથ કે પામ્યા કેરીએ પુર ની પેર ભક્તિ.

કીર્તન ૧૬ મું.

તારી ભક્તિ બોડાણાને ભાવે રે. રણછોડ રંગીલા.
જમણા હાથમાં તુળશી વાળી રે. રણછોડ રંગીલા.
છઠે માસે તે ડેઠ ચઢાવી રે. રણછોડ રંગીલા.
મહા મજલો કીધો મધરાતે રે. રણછોડ રંગીલા.
આવ્યા બોડાણાની સાથ રે. રણછોડ રંગીલા.
દેશ ગુજરાતમાં કીધી દયા રે. રણછોડ રંગીલા.
વાલો ઉમરેઠ આવીને રહ્યા રે. રણછોડ રંગીલા.

તાં તો પગલા પુજાય છે તારા રે. રણછોડ રંગીલા.
તમ વીના તે લાગે સહુ ખારા રે. રણછોડ રંગીલા.
તાં તો પ્રગટ પારખુ કીધું રે. રણછોડ રંગીલા.
આખા લીંમડામાં એક ડાળ મીઠું રે. રણછોડ રંગીલા.
સૌને દરસન થાય છે સારા રે. રણછોડ રંગીલા.
જાણ્યું કાળાને પ્યારા રે. રણછોડ રંગીલા.
લાભ લેવાને આવ્યા કાળા રે. રણછોડ રંગીલા.
કાળા દોડેને ભગત થયા આભા રે. રણછોડ રંગીલા.
આસારામને આસરો તારો રે. રણછોડ રંગીલા.
વાલા તારીને પાર ઉતારો રે. રણછોડ રંગીલા.

થાળ.

...વે લાવે લટકંતી વ્રજનારી કે મેવા લાવે મીઠડારે લોલ.
...l મારા ભક્તિ તણે ઘેર આવો કે, સીળા સ્વભાવનારે લોલ.
વાલા મારા આવો વીદુર ઘેર, કે ભાજી ચાખવારે લોલ
વાલા મારા પેંડાને પકવાન કે, જલેબી ઝુલતીરે લોલ
વાલા મારા લાડુને કણુસાર કે, પતાસાં પ્રેમનાંરે લોલ
વાલા મારા તુલશીના પત્રે ધરાવું કે ભુખ્યા હરી ભાવનારે લોલ
વાલા મારા જમુના જળની ઝારી કે આચમન કીજીએરે લોલ
વાલા મારા બીડલે બાસઠ પાન કે, મુખવાસ કીજીએરે લોલ
વાલા મારા લવીંગ સોપારીને એલચી કે તંબોળ લીજીએરે લોલ

ધુન

(૧) અગાડી ચલે રામ રાજા, પીછાડી સંતનકી ફોજા.

(૨) ભજ્જે કૃશ્ન કનૈયા ઝુલે નંદલાલા,ભજ્જે ગોવિંદ ગોવીંદ ગોપાલ

૩) રામા ભજ્જે રામા ભજ્જે રામા, ભજ્જે ભાઈ. રામા સીતારામ
હરીને ન ભજે તેને રામ દુવાઈ રામા સીતારામા.

(૪) કદમકી છાંય ખડે રઘુનંદ ખડે રઘુનંદ ખડે,
રઘુનંદ કદમકી છાંય ખડે.

(૫) હરે રામા રામા રામા રામા,

(૬) હરે રામ હરે રામ રામ રામ હરે હરે.

(૭) હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.